# " વૃક્ષારોપણ "
# અહેવાલ

## રાષ્ટ્રીય સેવા યોજના

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત




The vision of Veer Narmad South Gujarat University, as envisaged in the University Act, is to contribute to the field of higher education in the region and enable its inclusive development in all walks of life by making available trained personnel in various branches of human knowledge, keeping in mind the larger goals of nation-building. The University is committed to maintain high standards in both undergraduate and postgraduate teaching, promoting research and undertaking the requisite extension activities that would reach out to every section of society.

Veer Narmad South Gujarat University has endeavored to be an institution of excellence in higher education since its existence, keeping in view the regional needs and the emerging trends in the global scenario. A semi-urban University located at Surat city, the University has a campus spread over 210 acres. The University, re-accredited 'A' grade with 3.02 CGPA by the National Accreditation and Assessment Council in 2017, is also accredited with 'B++' grade with 2.90 CGPA under Academic and Administrative Audit (AAA) by Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat in 2016. The university was originally established under the South Gujarat Universiy Act, 1965 passed by the Gujarat State Legislative Assembly. It became functional from the academic year of 1966 and was incorporated as a University on 23 May, 1967. Recognized by the University Grants Commission in 1968, it was renamed as Veer Narmad South Gujarat University in 2004 after the great Gujarati poet Narmad, Narmadshankar Lalshankar Dave. The mandate of the University is to meet the developmental needs of the seven districts and two Union Territory in the region and attempts at realizing their potential in every walk of life ranging from technology, business, industry and commerce to language, culture, and fine arts.




**ડૉ. કિશોરસિંહ ચાવડા**
માન.કુલપતિશ્રી,
વી.ન.દ.ગુ.યુનિ, સુરત

દેશમા જયારે જયારે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની આફત આવે, વાવાઝોડું કે સુનામી આવે, ધરતીકંપ કે મહામારી જેવી આફત આવે ત્યારે એન.એસ.એસ. દેશના ખુણે ખુણે ફેલાયેલા એન.એસ.એસ. ના સ્વયંસેવકો રાષ્ટ્ર અને સમાજ સેવા માટે તૈયાર રહે છે. ભારત સરકાર કે રાજય સરકાર જયારે કોઇ યોજનાની અમલ કરવાની હોય ત્યારે એન.એસ.એસ. ને જવાબદારી સોંપે છે. કલેકટર હોય કે મામલતદાર, પોલીસ કમિશ્નર હોય કે મ્યુનિ. કમિશ્નર, શિક્ષણ મંત્રાલય હોય કે આરોગ્ય મંત્રાલય, યુનિવર્સિટી હોય કે એન.જી.ઓ. એન.એસ.એસ. ના માઘ્યમથી એમનાં વિવિધ અભિયાન સફળ બનાવવા પ્રયત્ન કરે છે. કોલેજ કક્ષાએ અભ્યાસ કરતો યુવા વર્ગ અભ્યાસ સાથે સ્વ વિકાસ સાથે સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપે એવા આશયથી કેન્દ્ર સરકારના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં એન.એસ.એસ. ની પ્રવૃતિઓ ચાલે છે.

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોરોના સામેની લડાઇ માટે સમગ્ર દેશને રાષ્ટ્રજોગ સંદેશ આપતા ભાષણમાં એન.એસ.એસ. વોલંટીયર્સને પણ કોરોના વોરીયર્સ બનાવાની અપીલ કરતાં દરેક રાજયમાં એન.એસ.એસ.ના હજારો વોલંટીયર્સ સેવાકાર્યમાં જોડાઇ સમાજ અને રાષ્ટ્રધર્મ નિભાવી રહ્યા છે.




**ડૉ. રમેશદાન ગઢવી**
કુલસચિવશ્રી,
વી.ન.દ.ગુ.યુનિ, સુરત

N.S.S. યુનિટ દ્વારા સપ્ત દિવસિય કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં પ્રાતઃકર્મ, પ્રભાતફેરી, યોગાસન, પ્રાણાયામ, શેરી સફાઇ, શૈક્ષણિક જાગૃતિ, ગ્રામ સંપર્ક, સ્થાનિક સ્થળની મુલાકાત, રમણીય સ્થળની મુલાકાત, ભ્રષ્ટાચારનો પ્રભાવ જેવા નાટક, વૈજ્ઞાનિક વિચાર પ્રચાર, ગ્રામ સભા અને પ્રાર્થના સંધ્યા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તદુપરાંત રાત્રી કાર્યક્રમ, પ્રૌઢ શિક્ષણ, પ્રાથમિક શાળાની મુલાકાત, રાસ-ગરબા, બોધ નાટક, ડાયરો, ભજન મંડળીની જમાવટ તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ગ્રામ્ય જાગૃતિ લાવવાના સઘન પ્રયાસો થાય છે.



**શ્રી પ્રકાશચંદ્ર**
**પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર,**
**રાષ્ટ્રીય સેવા યોજના, વી.ન.દ.ગુ.યુનિ, સુરત**

સમગ્ર વિશ્વમાં આપણા રાષ્ટ્રને અન્ય રાષ્ટ્રોની હરોળમાં વિશિષ્ટ રાષ્ટ્ર બનાવવું હોય તો સાંસ્કૃતિક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રની ગતિ તથા અન્ય વૈવિધ્ય ઉપાંગોથી વિશિષ્ટ પ્રતિભા ઊભી કરવી આવશ્યક બને. નવ યુવાનો દ્વારા આ પ્રકારનું વૈચારીક પગલું ભરવામાં આવે તો જ આપણા દેશને વિશિષ્ટ અને વૈવિધ્ય સભર રાષ્ટ્ર બનાવી અન્ય રાષ્ટ્રોની કક્ષામાં પ્રગતિમય બનાવી શકીએ. માત્રને માત્ર પોપટીયું જ્ઞાન કે ચાર દિવાલોમાં ચાલતા શિક્ષણને મહત્વ ન આપતાં આપણો ઉદ્દેશ્ય પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ અને પ્રવૃત્તિ શિક્ષણ દ્વારા વિદ્યાર્થી સર્વાંગી વિકાસમાં જ રહેલો છે.

કોલેજોમાં ચાલતી વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં ઉડીને આંખે વળગે એવી રાષ્ટ્રીય પ્રવૃતિ એટલે રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.). રાષ્ટ્રીય સ્તરે પાંગરેલી કેટકેટલીયે પ્રવૃત્તિઓમાં “स्वयं से पहले आप આ સૂત્ર સાથે કાર્યરત N.S.S. નું સ્થાન નજર અંદાજ ન કરી શકાય. N.S.S. નું દર્શન સમગ્ર વર્ષ દરમ્યાન નિયમિત અને ખાસ શિબિરની પ્રવૃત્તિના માધ્યમથી થાય છે. જેમકે, પર્યાવરણ માટે વિકાસ અને સુરક્ષા, શ્રમ કાર્ય, ધાર્મિક કાર્ય, સામાજિક કાર્ય, સર્જનાત્મક પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ખેલકૂદ જેવી નિયમિત પ્રવૃત્તિઓ N.S.S. ની ઓળખ આપે છે. આ પ્રવૃત્તિ દ્વારા તેજસ્વીતા, સર્જનાત્મકતા, તત્પરતા અને તન્મયતા પેદા કરી વિદ્યાર્થીને સુસંસ્કૃત નાગરિક બનાવવા પ્રયત્ન થાય છે. વિદ્યાર્થી એના જીવનમાં સેવા, બલિદાન અને રાષ્ટ્ર ભાવના વિકસિત કરે એ ધ્યેય N.S.S.નું હાર્દ છે.

# અનુક્રમણિકા


| ક્રમ | કોલેજ નું નામ | પાના નં. |
|---|---|---|
| ૧. | સરકારી વિનયન કોલેજ સાગબારા, જિ નર્મદા | ૦૧ |
| ૨. | વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ બીલીમોરા | ૦૨ |
| ૩. | શાહ એન એચ કોમર્સ કોલેજ, વલસાડ | ૦૩ |
| ૪. | નવયુગ આર્ટ્સ કોલેજ | ૦૪ |
| ૫. | એસ.બી ગાર્ડા કોલેજ,નવસારી | ૦૫ |
| ૬. | કે.પી. કોમર્સ કોલેજ,સુરત | ૦૬ |
| ૭. | બારડોલી કોલેજ | ૦૭ |
| ૮. | નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવા | ૦૮ |
| ૯. | એમ.ટી.બી આર્ટસ કોલેજ,સુરત | ૦૯ |
| ૧૦. | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા | ૧૦ |
| ૧૧. | બાયો-ટેકનોલોજી વિભાગ.V .N .S .G .U | ૧૧ |
| ૧૨. | શ્રીમતી કુસુમબેન કડકીયા કોલેજ, અંકલેશ્વર | ૧૨ |
| ૧૩. | શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ભરૂચ | ૧૩ |
| ૧૪. | બી.કે.એમ વિજ્ઞાન કોલેજ,વલસાડ | ૧૪ |
| ૧૫. | શ્રી ઈ.ઈ.એલ.કે.કોમર્સ કોલેજ ચીખલી | ૧૫ |
| ૧૬. | સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જી- તાપી | ૧૬ |
| ૧૭. | આર્ટસ એન્ડ કોમર્સ ચકલાદ સરભાણ | ૧૭ |
| ૧૮. | ડોલીબેન દેસાઈ ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પુટર એન્ડ અપ્લાયડ સાયન્સ,પલસાણા | ૧૮ |
| ૧૯. | ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલી | ૧૯ |
| ૨૦. | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધરમપુર | ૨૦ |
| ૨૧. | એમ.કે કોલેજ ઓફ કોમર્સ,ભરૂચ | ૨૧ |
| ૨૨. | કે.બી.એસ & નટરાજ કોલેજ,વાપી | ૨૨ |
| ૨૩. | સી.એન.કોઠારી કોલેજ,વ્યારા | ૨૩ |
| ૨૪. | સરકારી વિનયન કોલેજ કપરાડા | ૨૪ |
| ૨૫. | શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા, સુરત | ૨૫ |

# અનુક્રમણિકા


| ક્રમ | કોલેજ નું નામ | પાના નં. |
|---|---|---|
| ૨૬. | ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ ,સુરત | ૨૬ |
| ૨૭. | શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ જિનવાલા કેમ્પસ | ૨૭ |
| ૨૮. | આર્ટસ અને કોમર્સ કોલેજ સોનગઢ | ૨૮ |
| ૨૯. | શ્રીમતી જે.પી શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ | ૨૯ |
| ૩૦. | જે. બી. ધારુકા વાળા મહિલા આર્ટસ કોલેજ, સુરત | ૩૦ |
| ૩૧. | એસ.પી.બી ફીઝ્યોથેરાપી,સુરત | ૩૧ |
| ૩૨. | મુમ્બાદેવી કોલેજ ,મોટાપોઢાં | ૩૨ |
| ૩૩. | જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી દેસાઈ કોમર્સ કોલેજ | ૩૩ |
| ૩૪. | સરકારી વિજ્ઞાન કોલેજ,પારડી | ૩૪ |
| ૩૫. | સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ, જિ. નવસારી | ૩૫ |
| ૩૬. | શ્રીમતિ આર.પી.ચોહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે શાહ એન્ડ શ્રી કે.ડી શાહ કોમર્સ કોલેજ,વ્યારા | ૩૬ |
| ૩૭. | જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ | ૩૭ |
| ૩૮. | ગુજરતી વિભાગ, VNSGU | ૩૮ |
| ૩૯. | જે.એમ શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,જંબુસર | ૩૯ |
| ૪૦. | સરકારી વિનયન કોલેજ, તિલકવાડા જિ. નર્મદા | ૪૦ |
| ૪૧. | મુન્શી મહિલા બી.એડ કોલેજ,દેહ ગામ | ૪૧ |
| ૪૨. | સરકારી વિનયન કોલેજ દેડિયાપાડા | ૪૨ |
| ૪૩. | સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ | ૪૩ |
| ૪૪. | વન સેવા મહાવિદ્યાલય બી.આર.એસ. કોલેજ બીલપુડી | ૪૪ |
| ૪૫. | આર. કે. દેસાઈ કોલેજ | ૪૫ |
| ૪૬. | શ્રી જે પી આર્ટસ અને સાયન્સ કોલેજ ભરૂચ | ૪૬ |
| ૪૭. | સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ કાછલ | ૪૭ |
| ૪૮. | નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવા | ૪૮ |
| ૪૯. | સરકારી વિજ્ઞાન અને વાણિજ્ય,સોનગઢ | ૪૯ |
| ૫૦. | શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધરમપુર | ૫૦ |

# અનુક્રમણિકા


| ક્રમ | કોલેજ નું નામ | પાના નં. |
|---|---|---|
| ૫૧. | શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,વાંકલ | ૫૧ |
| ૫૨. | અખંડ આનંદ કોમર્સ કોલેજ,સુરત | ૫૨ |
| ૫૩. | આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ | ૫૩ |
| ૫૪. | એમ. કે. કોલેજ ઓફ કોમર્સ , ભરૂચ (૦૩/૦૯/૨૦૨૨) | ૫૪ |
| ૫૫. | શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ | ૫૫ |
| ૫૬. | શ્રીમતી સી. ડી.જે.રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઇ.એસ.આર.એ.રોફેલ કોમર્સ કોલેજ, વાપી | ૫૬ |
| ૫૭. | સરકારી વિનયન અને વાણિજય કોલેજ આહવા | ૫૭ |
| ૫૮. | સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા | ૫૮ |
| ૫૯. | સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ કાછલ (૧૯-૦૭-૨૦૨૨ ) | ૫૯ |

# વૃક્ષારોપણ



સરકારી વિનયન કોલેજ સાગબારા, જિ નર્મદા માં એન.એસ.એસ અંતર્ગત પવિત્ર શ્રાવણ માસના પહેલા દિવસ ૨૯/૦૭/૦૨૨૨ ના રોજ "વૃક્ષારોપણ" નો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં એન.એસ.એસ ના સ્વયંમસેવકો દ્વારા અલગ અલગ રોપા જેવા કે આસોપાલવ, લીમડો, ગુલમહોર, બગીચા માટે ગુલાબ,મહેંદી ના છોડ, ગલગોટા, મોગરા જેવા રોપા અને કિચન ગાર્ડન માટે ઉપયોગી થાય એવા લિંબુ, કડીલીમડો ,તુલસી, જામફળ, દાડમ, બદામ, કાજુ વગેરે જેવા છોડવાનું રોપણ કરવામાં આવ્યુ હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ.ચેતન ચૌધરી, NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ.મેઘના પટેલ અને પ્રા.જિજ્ઞાશા વસાવા તેમજ કોલેજના અધ્યાપક મિત્રોએ સ્વયંમસેવકોને પ્રોત્સાહન આપી વૃક્ષારોપણ નાં કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.













# વૃક્ષારોપણ



પર્યાવરણના સંવર્ધનને ધ્યાનમાં રાખી અમારી કોલેજના એન. એસ. એસ. વિભાગે "વૃક્ષારોપણ" કાર્યક્રમનુ આયોજન તા-૨૨/૦૭/૨૦૨૨ ના રોજ કર્યું. આ પ્રસંગે જિલ્લા વન અધિકારી માનનીય ભાવનાબેન દેસાઈ, ઇન્ચાર્જ આચાર્યશ્રી ડો. અરવિંદભાઇ બજાજ, એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર, ડો. અજયભાઈ મજીઠિયા, ડો. પ્રજ્ઞા દેસાઈ, પ્રો. પાર્થ પટેલ તથા એન. એસ. એસ. ના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે ભાવનાબેન દેસાઈ, ડો. અરવિંદભાઇ બજાજ, પ્રોગ્રામ ઓફિસરના હસ્તે જાંબુ તથા બોરસલીના વૃક્ષો રોપવામાં આવ્યા હતાં. આ વૃક્ષોના દાતા હતાં, તેઓ પણ આ પ્રસંગે હાજર હતાં. ડો. ભાવેશભાઈ દેવતાએ વિદ્યાર્થીઓને વૃક્ષો કેવી રીતે વાવવા એ કાર્યનું વિધા સુંદર માર્ગદર્શન આપ્યું. આ વૃક્ષો બીલીમોરા, ટી. પી. રોડ પર રોપવામાં આવ્યા હતા°


















# વૃક્ષારોપણ

**શાહ એન એચ કોમર્સ કોલેજ, વલસાડ**

શાહ એન એચ કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તારીખઃ ૨૫/૦૭/૨૦૨૨ ના રોજ કલીન અને ગ્રીન કેમ્પસ નો કાર્યક્રમ સંસ્કાર કેન્દ્ર અને કોલેજના કેમ્પસ ખાતે ટ્રાયામ ફાઉન્ડેશન અને શાહ એન એચ કોમર્સ કોલેજ વલસાડ નાં સંયુકત ઉપક્રમે રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડો.ગિરીશકુમાર રાણા સાહેબ, ટ્રાયામ ફાઉન્ડેશન નાં ડાયરેકટર ડો. ભૈરવી જોષી, ફાઉન્ડર ઓફ પ્રોજેકટ સુરતનાં પ્રોગ્રામ કો - ઓર્ડીનેટર શ્રી આકાશ બંસલ, ભાગડાવડા ગ્રામ પંચાયત નાં સરપંચ શ્રી ધર્મેશભાઈ પટેલ તથા એન એસ એસ નાં પ્રોગ્રામ ઓફિસરો શ્રી પ્રો. આર.જી.પવાર, પ્રો. એમ.જી. પટેલ, ડો. મીનાક્ષી જરીવાલા , પ્રો. ચિરાગ રાણા ,કોલેજના અધ્યાપકો, એન એસ એસ નાં સ્વયંસેવકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. કોલેજ કેમ્પસમાં ૪૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.













# વૃક્ષારોપણ



નવયુગ આર્ટ્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના ના સ્વયં સેવકો દ્વારા સફાઈ કામ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.













# વૃક્ષારોપણ

એસ.બી. ગાર્ડા આર્ટસ એન્ડ પી.કે. દેસાઈ કોમર્સ કોલેજ, નવસારીના NSS સ્વયં સેવકો દ્વારા આજે ૦૭/૦૭/૨૨ ના રોજ ડામ્ભર ગામ માં વરસતા વરસાદ માં પર્યાવરણ જાળવણી માટે વૃક્ષારોપણ ની પ્રવૃત્તિ કરવામાં આવી. આચાર્ય શ્રી ડૉ. ધર્મવીર ગુર્જર અને પ્રોગ્રામ ઓફિસરો સાથે સ્વયં સેવકો...












# વૃક્ષારોપણ















# વૃક્ષારોપણ

## પી.આર.બી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી

૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી દિવસ આ સમયમાં આપણી પૃથ્વીનું ખરેખર તાપમાન સતત વધી રહ્યું છે. જેના કારણે કુદરતી વાતાવરણ માં ઘણો ફેરફાર થય રહ્યો . ભારત દેશ જ એવો દેશ છે પર્યાવરણને પોતાની માં ઓળખવામાં આવે છે, ત્યારે આપણા ઘર પરિવાર, સમાજ, રાષ્ટ્રના અને વિશ્વના રક્ષણ માટે વૃક્ષારોપણ જ ખરેખર ઉપાય છે. તારીખ ૦૫ જૂન, ૨૦૨૨ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સવારે ૧૦:૦૦ બારડોલી કોલેજ ખાતે પ્રો જે.પી.વસાવાના અધ્યક્ષતામાં “વૃક્ષારોપણ” કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. પર્યાવરણ દિવસ નહિ પરંતુ દરેક વ્યક્તિ પોતાના જન્મ દિવસ પર એક વૃક્ષો રોપણ કરવું જોઈએ.









વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવા ના એન એસ એસ સ્વયં સેવકો અને પ્રોગ્રામ ઓફિસર ડો. અજય પટેલ દ્વારા વૃક્ષા રોપણ કરવામાં આવ્યું.











# ધબકાર




પર્યાવરણ દિવસ નિમિત્તે એમ.ટી.બી આર્ટ્સ કોલેજમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં એનએસએસ, એસ. વાય., ટી.વાય. ના પર્યાવરણપ્રેમી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તે ઉપરાંત કોલેજના આચાર્યા તથા એનએસએસના તમામ પ્રોગ્રામ ઓફિસર અને કોલેજના ફલ્લના ભૂતપૂર્વ સ્વયંસેવકના હસ્તે પણ વૃક્ષારોપણ કર્યું હતું અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

World Environment Day -2022 College Activities














બાયો-ટેકનોલોજી વિભાગમાં અભ્યાસ કરતા બી.એસ.સિ. બાયો-ટેકનોલોજી/માઈક્રોબાયોલોજી સેમેસ્ટર-૩ નાં રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ સંકળાયેલ સ્વયંસેવકો **Innovative way for Plantation using Waste** વિષય પર વાવેતર માટેની નવીન રીતનો ઉપયોગ કર્યો હતો.





# વૃક્ષારોપણ

## શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર

અંકલેશ્વરની શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર ખાતે વન વિભાગ અને " રાષ્ટ્રીય સેવા યોજના " તથા " સપ્તધારા - સમુદાયિક સેવા ધારા " ના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ તથા કોવિડ-૧૯ વેકિસનેશન રસીકરણનો કાર્યક્રમ યોજાયો હતો.અંકલેશ્વર હસોટ સ્થિત આવેલ શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટસ અને કોમર્સ કોલેજ દ્વારા વન વિભાગ તેમજ N.S.S ના સયુંકત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો કોલેજના અધ્યપકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા કડકિયા કેમ્પસમાં વૃક્ષો વાવી તેને જતન કરવાની ટેક લીધી હતી તેમજ વન વિભાગ દ્વારા ૧૦૦ થી વધુ તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.





શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ભરૂચ માં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી








# વૃક્ષારોપણ

## બી.કે. એમ. સાયન્સ કોલેજ, વલસાડ

Tree planting programme at Bkm science College valsad on World environmental day 2022











# વૃક્ષારોપણ

શ્રી એમ.આર.ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ચીખલી ખાતે એન. એસ.એસ.વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષ રોપણ કાર્યક્રમ નું આયોજન Date-૦૫/૦૬/૨૦૨૨ (રવિવાર)ના રોજ સવારે ૦૮:૦૦કલાકે આયોજન કરવામાં આવ્યું છે. એન.એસ.એસ.ના ૩૫ વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસ પર વૃક્ષ રોપણ કર્યું









# વૃક્ષારોપણ

## સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જી- તાપી

વિશ્વ પર્યાવરણ દિવસ નિમત્તે આજ રોજ સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જી- તાપી માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કોલેજના સ્ટાફ અને સ્વયંસેવકો દ્વારા કોલેજના પટાંગણમાં વાવેતર માટે ૨૫ જેટલા ખાડા ખોડીને નર્સરીમાંથી લાવેલ વિવિધ રોપાઓ રોપવામાં આવ્યા હતા. હાજર રહેલા સ્વયંસેવકોને કોલેજના કનિયન કારકુન શ્રી પ્રીતિબેન ગામીત દ્વારા આજના આ બદલાયેલ વિપરીત વાતાવરણમાં વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન પ્રોગ્રામ ઓફિસર શ્રી કેતન મેવાડા દ્વારા કરવામાં આવ્યું હતું.











# વૃક્ષારોપણ



**આર્ટસ એન્ડ કોમર્સ ચકલાદ સરભાણ ના એનએસ એસ વિભાગ દ્વારા વાર્ષિક શિબિર અંતર્ગત આજરોજ રવિવાર તારીખ ૧૩/૦૩/૨૦૨૨ સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ અને વૃક્ષોનું જતન કાર્યક્રમ**











**Dollyben Desai Institute of Computer and Allied Sciences Palsana**
Tree Plantation Report 5/6/22

SMT. SUMATIBEN R. BHATT EDUCATION CAMPUS
Administered by: Dr. Saurabh J. Desai Charitable Trust
DOLLYBEN DESAI INSTITUTE OF COMPUTER AND ALLIED SCIENCES
(Affiliated to VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT)
College Code : BCA : 217 B.Sc / B.Com : 353

તા.૦૬/૦૬/૨૦૨૨

## વૃક્ષારોપણ દિવસ

વૃક્ષ વગરની ધરતીની આપણે કલ્પના કરીએ તો? વૃક્ષ વગરની ધરતી કેવી લાગે ? ક્યારેય કલ્પના કરી છે ? વૃક્ષ વગરની ધરતીની કલ્પના માત્રથી જ આપણા મનમાં કેવુ વિચિત્ર દ્રશ્ય દેખાય છે. માનવજીવન માટે વૃક્ષો, હવા અને પાણી જેટલા જ મહત્વના છે. પૃથ્વી ઉપર અવતાર સજીવોમાં વનસ્પતિ અગ્રજ છે મનુષ્યનું અનુંજ છે. વનસ્પતિ જેટલી પ્રાચીન છે. તેટલી જ સર્વ વ્યાપી છે. પૃથ્વીના કોઈ પણ ખૂણે એક કે બીજું રૂપ ધારણ કરીને વનસ્પતિ શોભતી હશે. કુણા તૃણ થી માંડીને વિશાળ વટવૃક્ષ સુધીના આકાર અને પ્રકારમાં વનસ્પતિ પાંગરી છે.

પ્રાચીનકાળથી વનસ્પતિ-વૃક્ષ સાથે મનુષ્યનો નાડીપ્રાણસંબંધ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિ વનોના પારણામાં ઉછરી છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ભારતીય સંસ્કૃતિને "તપોવનની સંસ્કૃતિ" તરીકે ઓળખાવી છે. માનવે વૃક્ષ-વનસ્પતિની પૂજા શરૂ કરીને એને જીવનના મહાન તત્વ રૂપે આદર આપ્યો છે. વૃક્ષો માત્ર ઉપયોગી વસ્તુ ન રહેતા દેવતા રૂપ બન્યા હતા. તેથી આપણા અનેક પર્વોમાં વૃક્ષ પૂજાને આગવું સ્થાન મળ્યું છે.

કોરોના મહામારીએ આપણને ઓક્સીજન નું મહત્વ સમજાવ્યું છે ત્યારે ડોલીબેન દેસાઈ કોલેજમાં ૦૫ જુન, ૨૦૨૨ ના રોજ વૃક્ષારોપણ દિવસ (Tree Plantation Day) નું આયોજન કરવા માં આવ્યું હતું.

અમારી કોલેજ માં દર વર્ષે વૃક્ષારોપણ દિન ની ઉજવણી કરવા માં આવે છે. આ વર્ષે પણ અમારી કોલેજમાં વૃક્ષારોપણ દિવસ ઉજવવામાં આવ્યો હતો. કોલેજના વિશાળ પટાંગણમાં સરખા અંતરે ૨૦ ખાડા તૈયાર કરવામાં આવ્યા હતા. પટાંગણમાં ઠેર ઠેર અમારા ઈ.આચાર્યશ્રી અને માનનીય ટ્રસ્ટી શ્રી ભરતભાઈ દેસાઈ ના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ શરૂ કરવા માં આવ્યો. વૃક્ષારોપણ દિવસ નિમિત્તે કોલેજના પસંદ કરાયેલા વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આપણા દેશમાં વનમહોત્સવ ઊજવાય છે. તે નિમિત્તે ખુલ્લી જગ્યામાં, રસ્તાની બંને બાજુએ, નિશાળો અને કોલેજોમાં અને પડતર જમીનમાં વૃક્ષો વાવવામાં આવે છે અને તેનું જતન કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં બાળકોને મોટા પ્રમાણમાં જોડી દરેક બાળકને એક-એક વૃક્ષ વાવવાનું પ્રોત્સાહન આપવું તે ખૂબ જ ઉપયોગી નીવડી શકે. આથી વૃક્ષોની સંખ્યામાં વધારો કરી સૃષ્ટિસૌંદર્યમાં વધારો કરી શકાશે. વળી હવા, પાણી અને અવાજના વધતા જતા પ્રદૂષણના જટિલ પ્રશ્નનું નિરાકરણ પણ કરી શકાશે. દરેક બાળકને પ્રોત્સાહન આપી આપણે વૃક્ષોની સંખ્યા વધારતા જઈએ તો તે સમગ્ર માનવજાતિ માટે સૌથી ઉમદા કાર્ય બની રહેશે. આમ થવાથી પ્રદૂષણનું પ્રમાણ ઘટાડી વાતાવરણ સુધારી શકાશે. આપણે નિશ્ચય કરીએ કે, દરેક બાળક દર વર્ષે એક-એક વૃક્ષ તો ઉગાડે જ. આ માટે એમને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપીએ. આથી બાળકોને વૃક્ષો તરફ આપોઆપ પ્રેમ અને આકર્ષણ થશે. વાતાવરણ લીલુંછમ થશે અને પ્રદૂષણ ઘટશે.

અમારા માનનીય ટ્રસ્ટી શ્રી ભરતભાઈ દેસાઈએ વૃક્ષોનું મહત્વ સમજાવતા તેમણે કહ્યું. "આજે વિશ્વમાં પ્રદૂષણ ખૂબ વધી રહ્યું છે". હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ અને અવાજનું પ્રદૂષણ આપણા જીવનને ભારે નુકસાન કરી રહ્યું છે. પ્રદૂષણ ઘટાડવા માટે આપણે સૌએ સક્રિય બનવું પડશે. પ્રદૂષણ ઘટાડવામાં વૃક્ષોનો અમૂલ્ય ફાળો છે. વૃક્ષોના લીલા પાન હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે અને હવામાં પ્રાણવાયુ છોડે છે. તેથી હવા શુદ્ધ થાય છે. વૃક્ષો વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે, જમીનનું ધોવાણ થતું અટકાવે છે. રણને આગળ વધતું અટકાવે છે અને ધરતીની શોભામાં વધારો કરે છે. વૃક્ષો આપણને ફળ આપે છે. આથી આપણે વૃક્ષોનું જતન કરવું જોઈએ. વૃક્ષારોપણનું મહત્વ સમજવા માટે આ એક ખુબ જ સારો અનુભવ હતો.

તારીખ : ૦૫-૦૬-૨૦૨૨
સ્થળ : પલસાણા







# વૃક્ષારોપણ



આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આજરોજ ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં કોલેજના આચાર્યશ્રી ડો.ભાવિનભાઈ નાયક, ટીચીંગ,નોન ટીચીંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.











શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધરમપુર એનએસએસ યુનિટ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી










M.K. College of Commerce, Bharuch. The World Environment Day







**TREE PLANTATION BY NSS VOLUNTEERS AND STAFF OF KBS & NATARAJ COLLEGE, VAPI ON THE OCCASION OF "WORLD ENVIRONMENT DAY"**

**#LET US PLEDGE TO MAKE A GREENER AND CLEANER ENVIRONMENT !!**

#WORLDENVIRONMENTDAY2022












# વૃક્ષારોપણ



C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara celebrated 'Tree plantation Campaign' on August-2022. In this activity all the staff members of college, Hospital, & students took part & also planted medicinal herbs & fruit plants in college campus. All the people took pledge to save environment by planting more trees. Whole activity was Co-ordinated by Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.









# વૃક્ષારોપણ

## સરકારી વિનયન કોલેજ કપરાડા

સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે તારીખ ૨૪/૦૮/૨૦૨૨નાં રોજ nss અંતર્ગત વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજવા મા આવ્યો હતો જેમાં કોલેજ ના આચાર્ય શ્રી ડો ડી એન દેવરી સાહેબ ના માર્ગદર્શન હેઠળ, કોલેજ નાં વિદ્યાર્થીઓ, સ્વયં સેવકો અને સ્ટાફ ગણ સાથે મળીને કોલેજ પરિસર માં ફૂલ, છોડો ના રોપા ઓની રોપણી કરવા માં આવી હતી આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન nss નાં પ્રોગ્રામ ઓફિસર . પ્રા. એ. સી ગામીત સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં કુલ ૧૧૭ વિદ્યાર્થીઓ ૧૩ સ્ટાફ ગણ હાજર રહ્યાં હતા.















**વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન**

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, પાંડેસરા, સુરત દ્વારા તારીખ ૨૯/૦૭/૨૦૨૨ શુક્રવારના રોજ વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કૉલેજના વિશાળ પટાંગણમાં આ કાર્યક્રમની તૈયારી કરવામાં આવી હતી. વૃક્ષનું મહત્વ દર્શાવતા વૃક્ષારોપણ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સુરત મહાનગર મહાવિદ્યાલયના પ્રમુખ એવા શ્રી ધ્રુવભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમની શરૂઆત ધૂન, દિપપ્રાગટ્ય તેમજ વંદના દ્વારા કરવામાં આવી હતી. અતિથિ વિશેષનું સ્વાગત કૉલેજના ઈ.ચા.પ્રધાનાચાર્ય ડૉ.બિન્નીબેન મહેતા દ્વારા તુલસીના છોડ તેમજ શાબ્દિક આવકાર સાથે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી ધ્રુવભાઇ પટેલ વૃક્ષનું મહત્ત્વ સમજાય તેવું વકતવ્ય આપ્યું હતું. તેમને તેમના વકતવ્યમાં અન્ય દેશો કરતાં આપણા દેશમાં પ્રત્યેક વ્યકિત દીઠ કેટલા વૃક્ષો છે તેની માહિતી આપતા વૃક્ષનું આપણા જીવનમાં તેમજ પર્યાવરણમાં કેટલું મહત્ત્વ છે તેની સમજણ આપી હતી.

કૉલેજના મેદાનમાં અગાઉથી ૨૦ ખાડાઓ સરખા અંતરે અમે ખોડાવીને તૈયાર રાખ્યા હતાં. કાર્યક્રમના અતિથિ શ્રી ધ્રુવભાઇ પટેલ દ્વારા વૃક્ષારોપણ કરાવ્યું હતું. ત્યારબાદ કૉલેજના અધ્યાપકો તેમજ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું હતું. આમ, વૃક્ષનું અને પર્યાવરણનું મહત્ત્વ જળવાઈ રહે તે માટે દરેકે વૃક્ષના ઉછેરનો સંકલ્પ લીધો હતો. કૉલેજના પ્રા.જયશ્રીબેન કાનાની દ્વારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત દરેકનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

આમ, સમગ્ર કાર્યક્રમ કૉલેજના ઈ.ચા.પ્રધાનાચાર્ય ડૉ. બિન્નીબેન મહેતા અને આ કાર્યક્રમના ઈ.ચા. પ્રા.ભાવિકાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

“SOMEONE IS SITTING IN THE SHADE TODAY BECAUSE
SOMEONE PLANTED A TREE A LONG TIME AGO”





World Environment Day Celebration at GMC, Surat 05/06/2022

On theoccasion of World Environment Day, PSM Department, GMCS organized a unique competition…Creating Usefulness out of Plastic waste. 9 teams participated enthusiastically, and made wonderful ornamental objects out of plastic trash. Dr. J. K. Kosambiya, Dr. Hitesh Shah and Dr. Naresh Chauhan judged, with difficulty, as all the teams were highly creative. 1st, 2nd and 3rdwinner teams were declared.













અંકલેશ્વર વન વિભાગના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ










# વૃક્ષારોપણ



સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ સોનગઢ, સરકારી વિજ્ઞાન કોલેજ સોનગઢ. ગુજરાત વન વિભાગ અને સ્થાનક પ્રશાસન ના સંયુક્ત ઉપક્રમે ૭૩ માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં રાજ્ય કક્ષા ના મંત્રી શ્રી મૂકેશ પટેલ સાહેબ, તાપી કલેક્ટર શ્રી. ડી. ડી ઓ સાહેબ, રેન્જ ફોરેસ્ટ ઓફીસર શ્રી, આગેવાનો અને મોટી સંખ્યામાં કોલેજ ના વિધાર્થીઓએ હાજર રહ્યા હતા. અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું









TREE PLANTATION DRIVE BY NSS UNIT SMT J.P SHROFF ARTS COLLEGE VALSAD.








# વૃક્ષારોપણ

## જે. બી. ધારુકા વાળા મહિલા આર્ટસ કોલેજ, સુરત

તારીખ ૬/૮/૨૦૨૨ ના રોજ જે. બી. ધારુકા વાળા મહિલા આર્ટસ કોલેજ, સુરત દ્વારા કોલેજ કેમ્પસમાં ૫૦ વૃક્ષો રોપવામાં આવ્યા હતા





**S. P. B. Physiotherapy College Surat**

Tree Plantation Drive 2022

World Environment Day on 05-06-2022. More than 50 students and staff members actively participated in this tree plantation drive and contributed towards a green nation.








# વૃક્ષારોપણ



મોટાપોંઢા કોલેજમાં આજ રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો અને ડો. સતીષભાઈ પટેલ અને પ્રોગ્રામ ઓફિસર ડો શીલા પટેલ અને પ્રોગ્રામ ઓફિસર પ્રા. નર્મદા પરમાર દ્વારા ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા સ્વયંસેવકો હાજર રહ્યા હતા.













જે.ઝેડ. આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી માં NSS યુનિટ દ્વારા વૃક્ષા રોપણ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો











TODAY ON 30/7/2022, WE HAVE TREE PLANTATION PROGRAM AT COLLEGE CAMPUS. ALL STAFF AND NSS VOLUNTEERS ARE PRESENT IN THE PROGRAM. TOTAL 50 PLANTA ARE PLANTED.
GOVERNMENT SCIENCE COLLEGE, PARDI











# વૃક્ષારોપણ

















સરકારી વિનયન, વાણિજ્ય કોલેજ, ખેરગામ, જિ. નવસારી ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ અંતર્ગત તા.૦૩/૦૮/૨૦૨૨ના રોજ કૉલેજના આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર એમ. પટેલ સાહેબશ્રીના અધ્યક્ષપણા હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરત અને સ્ટુડન્ટ ફોર ડેવલપમેન્ટ (SFD) દ્વારા વિદ્યાર્થીઓ પર્યાવરણ અંગે જાગૃત બને તથા તેઓ વધારાની અભ્યાસક્રમ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા સક્રિય બને તેમજ સમાજના પર્યાવરણ એમ્બેસેડર બનવા માટે વધુ સારી સુવિધા આપવા સક્ષમ બને અને તેઓ પ્રકૃતિના મહત્વને સમજવામાં પણ મદદ કરે એ હેતુસર અત્રેની કૉલેજના આચાર્યશ્રી,પ્રોગ્રામ ઓફિસરો અને સ્વયંસેવકો સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, જેમાં ફણસ, ગુલમહોર, કાળા જાંબુ, લીંબુ, જાસુદ, સીવણ, જમરૂખ, કદમ, લીમડો, ગરમાળો વગેરે જેવા ફળાઉ અને પારિજાતના લગભગ ૧૭૫ વૃક્ષોનું વાવેતર હાથ ધરવામાં આવ્યું. આ કાર્યક્રમનો ઉદ્દેશ પર્યાવરણની સુરક્ષા તથા જાળવણી કરવાનો હતો. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ, પ્રોગ્રામ ઓફિસરો શ્રી અમિત પટેલ, ડૉ.યોગેશ ટંડેલ તથા જમનાબેન પટેલ, કૉલેજના ભૂતપૂર્વ જી.એસ. હરિકૃષ્ણ પટેલ અને તરૂણ પટેલ સહિત એન.એસ.એસ.ના તમામ સ્વયં સેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો.












# વૃક્ષારોપણ



જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તા.-૦૬/૦૮/૨૦૨૨ ના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં એન.એસ.એસ. ના સ્વયંસેવકો, અને એન.સી.સી. ના વિદ્યાર્થીઓ, ઈ.આચાર્યા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો, સમગ્ર કોલેજ સ્ટાફ હાજર રહ્યા હતા. જેમાં ૮૦ જેટલા છોડવાઓ નું વાવેતર કરવામાં આવ્યું હતુ.

વૃક્ષારોપણ કાર્યક્રમ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.મણિબેન સોલંકી, ઈ.આચાર્યા ડૉ.ગંગાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું. જેમાં ૧૦૦ જેટલા સ્વયંસેવકો ઉત્સાહ પૂર્વક હાજર રહ્યા હતા.



















J.M.SHAH
ARTS & COMMERCE COLLEGE
JAMBUSAR
સ્થાપના વર્ષ :- ૨૦૧૫
જંબુસર, જી.ભરૂચ.







## સરકારી વિનયન કોલેજ, તિલકવાડા જિ. નર્મદા

અત્રેની સરકારી વિનયન કોલેજ તિલકવાડા ખાતે તા.૧૫/૦૭/૨૦૨૨ના રોજ કોલેજના નવા બિલ્ડિંગના કેમ્પસમાં આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણીના ભાગરૂપે કોલેજની સાંસ્કૃતિક સમિતિ તથા સપ્તધારાની સામૂદાયિક સેવાધારા અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી ના હસ્તે છોડ વાવીને કરવામાં આવી હતી. કોલેજના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પણ છોડ વાવવામાં આવ્યા. વિવિધ છોડ જેવા કે જામ્બુડો, સાગ, ગુલ્મોહર, ગરમાળા, લીમડો જેવા વિવિધ છોડનું રોપણ કરવામાં આવ્યું હતુ અંતે વિદ્યાર્થીઓને ચોકલેટ વહેચીને કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.









Munshi Mahila B.Ed. College Dahegam
Tree Plantation Programme







તારીખ ૨૨/૮/૨૦૨૨ ના રોજ સરકારી વિનયન કોલેજ દેડિયાપાડા ના પ્રિન્સિપાલ ડો.અનિલાબેન પટેલ ની અધ્યક્ષતામાં એન.એસ.એસ વિભાગ દ્વારા વૃક્ષો રોપણ નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં એન.એસ.એસના સ્વંયમસેવકો દ્વારા આસોપાલવ, જમરુખ, આમળા, બીલી, જાબુડા,કણજી, કોટનબ્રાસ ફળફળાદિ અને ઔષદિજન્ય વગેરેનું વૃક્ષોરોપણનું કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. એફ.વાય.બીએ, એસ.વાય.બીએ, ટી.વાય. બીએ ના એન.એસ.એસના સ્વંયમસેવકો ઉત્સાહભેર ભાગ લીધો હતો સાથે એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર રમેશભાઈ વસાવા હાજર રહ્યાં હતા. આમ વૃક્ષારોપણ નો કાર્યક્રમ સફળ રહ્યો હતો.










## સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ

"વૃક્ષારોપણ કાર્યક્રમ"

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને સ્ટુડન્ટ ફોર ડેવલોપમેન્ટ (SFD) વચ્ચે વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિ બાબતે થયેલા MOU અંતર્ગત તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જી-તાપી ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં કોલેજના ૮ પ્રાધાપકો, ૧૦ કર્મચારીઓ અને ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે અંતર્ગત કોલેજના સ્ટાફ અને સ્વયંસેવકો દ્વારા કોલેજના પટાંગણમાં વાવેતર માટે ૫૦ જેટલા ખાડા ખોડીને તૈયાર રાખવામાં આવ્યા હતા. કોલેજના આચાર્યશ્રી ડૉ. બી. એચ. પરમારના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રોગ્રામ ઑફિસરશ્રી કેતન મેવાડા દ્વારા અને અન્ય હાજર કોલેજ સ્ટાફ દ્વારા એક એક વૃક્ષ રોપવામાં આવ્યું. ત્યારબાદ પ્રાધાપકોના માર્ગદર્શન હેઠળ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા જુદાજુદા ખાડાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને વિદ્યાર્થીઓને પર્યાવરણ જાગૃતિનો સંદેશો આપવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંકલન પ્રોગ્રામ ઑફિસરશ્રી ડૉ. કેતન મેવાડા દ્વારા કરવામાં આવ્યું હતું.



















# વૃક્ષારોપણ

## વન સેવા મહાવિદ્યાલય બી.આર.એસ. કોલેજ બીલપુડી

વિશ્વ પર્યાવરણ દિન નિમિતે વન સેવા મહાવિદ્યાલય બી.આર.એસ. કોલેજ બીલપુડી ખાતે વિદ્યાર્થીઓ આચાર્ય શ્રી ટી.એન.ચૌધરી સમગ્ર સ્ટાફ અને પ્રોગ્રામ ઓફિસર દ્વારા વૃક્ષા રોપણ કરવામાં આવ્યું જેમાં "વૃક્ષો વાવો વરસાદ લાવો", "વૃક્ષો વાવો પર્યાવરણ બચાવો" વગેરે પોસ્ટરોમાં સૂત્રો દ્વારા વિદ્યાર્થીઓ અને લોકો માં જાગૃતિ આવે એના પ્રયત્નો કર્યા હતા. આ વૃક્ષા રોપણ દિન અમારા માટે આનંદ નું પર્વ બની રહીયુ.











# વૃક્ષારોપણ

## આર. કે. દેસાઈ કોલેજ

આર. કે. દેસાઈ કોલેજ એક તાલીમી સંસ્થા છે. હંમેશા પર્યાવરણના જતન, સંરક્ષણ, સંવર્ધન માટે તત્પર રહેતી સંસ્થા છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ વધે તથા પર્યાવરણ પ્રત્યે સંરક્ષણ-સંવર્ધનની ભાવના કેળવવાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પર્યાવરણની જાળવણી હેતુ કોલેજ દ્વારા ૪ જુનનાં દિવસે વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાયો હતો. જેમાં સમગ્ર કોલેજના કેમ્પસમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિ કરવામાં આવી હતી. એફ.વાય. બી.એડ. અને એસ.વાય. બી.એડ નાં તાલીમાર્થીઓ દ્વારા કોલેજનાં કેમ્પસમાં આશરે ૪૦ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. તેમજ ગાર્ડનને માવજત મળે તેનું અભિયાન હાથ ધર્યું હતું.

એસ.વાય. બી.એડ. નાં તાલીમાર્થીઓ ઇન્ટર્નશિપ માટે વલસાડ જીલ્લાની ૨૧ શાળામાં ગયા હતા. તેઓ દ્વારા પણ કોલેજના માર્ગદર્શન હેઠળ શાળામાં પણ વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.



શ્રી જે પી આર્ટસ અને સાયન્સ કોલેજ ભરૂચ અને GST DIVISION ભરૂચ ના સયુંકત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તા ૭-૬-૨૦૨૨ ના રોજ કોલેજ ખાતે વૃક્ષારોપણ નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં કોલેજ સ્ટાફગણ સાથે ઈન્ચા આચાર્યશ્રી બી બી ધિવર સાહેબ તથા GST DIVISION ભરૂચ ના કર્મચારીઓ હાજર રહ્યા હતા.















## સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ કાછલ

તા. ૧૯-૦૭-૨૦૨૨ નાં રોજ સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ કાછલ ખાતે NSS વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં હતું. જેમાં અલગ અલગ પ્રકારના ફૂલછોડ, ફળાઉ રોપાઓ ઔષધિઓ વગેરે રોપાઓ રોપવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ ત્રણ તબક્કાઓમાં કરવામાં આવ્યું હતું. જેમાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ, આઉટ સોસિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૨૭૦ રોપાઓ કોલેજના કેમ્પસ માં અલગ અલગ સ્થળે રોપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પોતાના ઘર ની આસપાસ વૃક્ષારોપણ કરવાનું, તેમજ તેની જાણવણી અને જતન અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૭૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.









આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ નૂતન ગ્રામ વિદ્યાપીઠ,થવા ખાતે આ વર્ષે બીજીવાર વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. આ કાર્ય માં એન.એસ .એસ. ના સ્વયંસેવકોએ ૫૦ જેટલા દેશી આંબા ની રોપણી કરી હતી. તેમજ તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ચુંટણી કાર્ડ માટેની કામગીરી અને વિદ્યાર્થી મતદારો ની આધારકાર્ડ લિંક કરવાની કામગીરી કરવામાં આવી. તેમાં બધા જ વિદ્યાર્થીઓ સહભાગી થયા. કોલેજના આચાર્યશ્રી ડો. દિનેશ ચૌધરી, એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓરડીનેટર ડો. અજય પટેલ, પ્રા. રમેશભાઇ પટેલ, અધ્યાપક મિત્રોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.












## સરકારી વિનયન અને વાણિજય કોલેજ સોનગઢ

સરકારી વિનયન અને વાણિજય કોલેજ સોનગઢ ખાતે રાષ્ટ્રેય સેવા યોજના અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યઓ હતો જેમા કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી ડો. આર.એ.પટેલ સાહેબે વિદ્યાર્થીઓને પ્રોતસાહિત કર્યા હતા. લીમડો, આશોપાલવ, ખાટીઆમલી , જેવા ૨૦૦ જેટલા વૃક્ષો રોપવામાં આવ્યા હતા.
તા. ૧૨/૦/૨૦૨૨ ના રાજ વનમહોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સોનગઢ તાલુકામાંથી મોટી સંખ્યામાં જાહેર જનતાએ ભાગ લીધો હતો અને વનમહોત્સવ ની ઉજવણી નિમિત્તે મોટી સંખ્યામાં વૃક્ષો રોપવામાં આવ્યા હતા. સાથે સપથ લેવામાં આવ્યા હતા.









# વૃક્ષારોપણ



૧૭ જુન ૨૦૨૨ અભિનાથદેવ (વરસાદ ના દેવ) પીપરોળ ગામે તા. ધરમપુર જંગલ ખાતાની ૮ એકર જમીનમાં ૨૫૦૦ વૃક્ષો વાવી " વનરાજ વન" નામ આપી એન. એસ. એસ. યુનિટ, લોક મંગલમ્ ટ્રસ્ટ, પંગારબારી ફોરેસ્ટ રેજ અને (પીપરોળ ગામ) પીડવળ ગૃપગરા્મ પંચાયત સાથે વૃક્ષારોપણ કર્યુ. ૧૦૦ જેટલા સ્વયંસેવકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.





















# વૃક્ષારોપણ



શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે તારીખ ૩૦/૦૮/૨૦૨૨ ના મંગળ વારના રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.



# વૃક્ષારોપણ

## અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

એન.એસ.એસ. ના ઉપક્રમે તા.૦૧/૦૯/૨૦૦૨૨ ગુરુવાર ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આચાર્યશ્રી ડો. રૂપાલીબેન શાહ માર્ગદર્શન હેઠળ કોલેજ ના વિધાર્થીઓ સ્વયંસેવકો તેમજ સ્ટાફમિત્રો સાથે મળીને કોલેજના પરિસદમાં છોડના રોપઓંની રોપણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમોનું સંચાલન પ્રોગ્રામ ઓફીસર પ્રા. એમ. જી.ઠાકોર અને પ્રા. શોભના અર.પ્રજાપતિ દ્વારા કરવામાંઆવ્યું હતું . આ કાર્યક્રમ માં કુલ ૧૨૦ વિધાર્થીઓ હાજરરહયા હતા. અખંડ આનંદ કોમર્સ કોલેજ,સુરત









## આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખોલવડ

તારીખ :- ૦૨/૦૯/૨૦૨૨ ના રોજ આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખોલવડમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં એન.એસ.એસ.ના સ્વયં સેવક ભાઈઓ તથા બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ.અશોક ચૌધરી સાહેબ તથા એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. જે.ડી.વણકર તથા તથા ડૉ.જીજ્ઞા નાયક તેમજ કોલેજના અન્ય સ્ટાફ મિત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા.

પર્યાવરણ એ આપણા જીવનનું અભિન્ન અંગ છે જે બાબતે વિદ્યાર્થીઓને જ્ઞાન આપી પર્યાવરણ પ્રત્યે પોતાની જવાબદારી પૂરી કરવાના હેતુથી કોલેજના વિદ્યાર્થીઓ પાસે વૃક્ષારોપણ કરાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ખુબ જ સારી રીતે પૂર્ણ થયો હતો. વૃક્ષારોપણ પછી નાસ્તો અને ચાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ આ રીતે પર્યાવરણ જાગૃતિ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.





# વૃક્ષારોપણ



તારીખ :૦૩/૦૯/૨૦૨૨ ના રોજ એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.









શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
તા. ૦૪/૦૯/૨૦૨૨ રવિવારના રોજ શ્રી જે.પી. કોલેજ , ભરૂચ ખાતે એન.એસ.એસ યુનિટ દ્વારા એક દિવસીય શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિબિરના પ્રારંભે કોલેજના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જે.પી કોલેજ,ભરૂચના એન.એસ એસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર દ્વારા કોલેજના કેમ્પસમાં અલગ અલગ જાતના વૃક્ષોને વાવીને તેના જતન અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં એન.એસ.એસ યુનિટના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી








શ્રીમતી સી. ડી.જે.રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઇ.એસ.આર.એ.રોફેલ કોમર્સ કોલેજ, વાપીમાં થયેલ વૃક્ષારોપણની માહિતી નીચે પ્રમાણે છે.
તારીખ ૫-૬-૨૦૨૨ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સ્વયં સેવકોએ પોતાના ગામમાં,ફળિયામાં અને જાહેર સ્થળોએ વૃક્ષારોપણ કર્યું.
તારીખ ૧૫-૮-૨૦૨૨ સ્વાતંત્ર્ય દિવસે સ્વયં સેવકો અને કોલેજ સ્ટાફ પરિવારના સભ્યોને ૨૦૦ છોડના રોપાનું વિતરણ કરવામાં આવ્યું. રોપો - છોડ - વૃક્ષ બને તે માટેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી.
તારીખ ૧-૯-૨૦૨૨ ના રોજ કોલેજ કેમ્પસ પર વૃક્ષ રોપાનું વાવેતર કરવામાં આવ્યું.
રોફેલ પરિષરમાં તારીખ ૨૦-૯-૨૦૨૨ વૃક્ષા રોપણ કરવામાં આવ્યું.











સરકારી વિનયન અને વાણિજય કોલેજ આહવા માં તા.૦૮-૦૯-૨૦૨૨ ના રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો










## સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા

સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા મુકામે તારીખ ૨૧/૦૯/૨૦૨૨ના રોજ સમય ૧૧:૩૦ કલાકે એન.એન.એસ વિભાગ દ્વારા રાજભવન સચિવાલયનો તા. ૧૫/૦૭/૨૦૨૨નો ઈ-મેઈલના સંદર્ભ અંતર્ગત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ પરિપત્રને ધ્યાનમાં લઈને "વૃક્ષારોપણ અભિયાન" અંતર્ગત વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રેની કોલેજના આચાર્યશ્રી ડૉ.જયેશ જી.પૂજારા સાહેબના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયેલ અને તેમના વરદ હસ્તે વૃક્ષનું રોપણ કરીને આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમમાં હિન્દી વિભાગના વડા ડૉ. દિનેશભાઇ સોલંકી અને એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર નિકુલકુમાર બી. કોતર તેમજ અત્રેની કોલેજના એન.એસ.એસ ના સ્વયંસેવકો પણ વૃક્ષારોપણ અભિયાનમાં સહભાગી બન્યા હતા. બીજી બાબત એ કે કોલેજના વિવિધ કાર્યક્રમો અને વિશેષ દિવસોમાં પણ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણની પૃવૃતિઓ હાથ ધરવામાં આવે છે એ બાબત પણ નોંધનીય છે.







## સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ કાછલ

તા. ૧૯-૦૭-૨૦૨૨ નાં રોજ સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ કાછલ ખાતે  વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં હતું. જેમાં અલગ અલગ પ્રકારના ફૂલછોડ, ફળાઉ રોપાઓ ઔષધિઓ વગેરે રોપાઓ રોપવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ ત્રણ તબકકાઓમાં કરવામાં આવ્યું હતું. જેમાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ, આઉટ સોસિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વરા કુલ ૨૭૦ રોપાઓ કોલેજના કેમ્પસ માં અલગ અલગ સ્થળે રોપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પોતાના ઘર ની આસપાસ વૃક્ષારોપણ કરવાનું, તેમજ તેની જાણવણી અને જતન અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૭૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.











ભારતમાં વસ્તી દિવસે – દિવસે વધતી જાય છે. વસ્તી વધારાને લીધે આપણા દેશમાં અનેક ગંભીર સમસ્યાઓ સર્જાય છે. આ ભયજનક પ્રદુષણને નાથવા આપણાં દેશમાં અનેક ઉપાયો થઈ રહ્યા છે. જેમાથી એક મહત્વનો ઉપાય છે – " વૃક્ષારોપણ " "
વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે , વળી વૃક્ષો ધરતીને શોભા આપે છે. " વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી લાગે છે."
આદર્શ કેળવણી મંડળ કોસંબા, સંચાલિત સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ,તરસાડીમાં "વૃક્ષા રોપણ" કાર્યક્રમ ૨૬/૦૧/૨૦૨૨ ના રોજ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત માંગરોલ તાલુકાના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા હસ્તે કરવામાં આવ્યું તથા આદર્શ કેળવણી મંડળનાં પ્રમુખશ્રી રાકેશસિંહ સોલંકી અને મંડળના અન્ય સભ્યો દ્વારા સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના કેમ્પસમાં " વૃક્ષા રોપણ " કરવામાં આવ્યું હતું. જેમાં ગોલ્ડન પામ, નાળીયેરી, આશોપાલવ જેવા વૃક્ષો રોપવામાં આવ્યા હતા.
કોલેજમાં વિવિધ ડે ની ઉજવણી કરવામાં આવે છે , જેમાં કોલેજમાં " વૃક્ષારોપણ દિવસ " રાખવામાં આવ્યો હતો. જેમાં તમામ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓએ આશોપાલવ, બોગનવેલ, એલોવેરા, જાસુદ જેવા અલગ-અલગ વૃક્ષો રોપી વૃક્ષોને ખાતર પાણી આપ્યું હતું. આમ કોલેજમાં વૃક્ષારોપણ દિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી.
૨૯/૦૮/૨૦૨૨ મેટ્રો ટ્રેનના અધિકારીઓએ કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કોલેજના સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ અલગ-અલગ વૃક્ષો જેમકે જમરૂખ, લીમડો, આંબો વગેરે જેવા વૃક્ષો કોલેજના કેમ્પસમાં રોપ્યા હતા. વૃક્ષોની વધુ જાળવણી કરવા માટે વિદ્યાર્થીઓને કલાસ મુજબ વૃક્ષોની દેખરેખ માટે સોપવામાં આવ્યું હતું. આમ વિદ્યાર્થી દર વર્ષે એક-એક વૃક્ષ ઉગાડે અને તેની જાણવણી રાખે એ માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું.







## શાહ કે.એમ. લો કોલેજ

વૃક્ષારોપણ અભિયાનના સંદર્ભમાં અને રાજભવન સચિવાલયના તા. ૧૫/૧૯/૨૦૨૨ ના ઈ.મેઈલના અનુસંધાને અમારી કોલેજ શાહ કે.એમ. લો કોલેજ ખાતે વૃક્ષ એક મિત્રનો કાર્યક્રમ તા. ૧૬/૦૯/૨૦૨૨ ના રોજ ૧૦ થી ૧૨ સમયે રાખવામાં આવ્યો હતો કે જેમાં કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એમાં પીપળો, આંબો, નારિયેળ તથા નાના મોટા એવા ફૂલ છોડો વાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ લગભગ ૨ કલાક સુધી કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ સાથે વૃક્ષોના મહત્વ અને ઉપયોગ બાબતે ચર્ચા કરવામાં આવી હતી.





## Smt. Z. S. Patel College of Management

We truly know that, the way humans are leading their life is very badly affecting our mother nature. We ourselves are directly or indirectly deteriorating our environment. We also know the consequences will be worst and have started experiencing the same in the form of Global Warming and its effects. And, hence it becomes our moral and social responsibility to be forward for its conservation too. The first and foremost task will be increase greenery, to increase plants, to increase number of trees. Hence, under **वृक्षारोपण अभियान-** Tree Plantation Program where all high schools and colleges are into planting trees, our college also contributed their part.

Smt. Z. S. Patel College of Management contributed and planted trees in sports premises near our college. Faculties of BBA along with the students went on to plant trees. Each of them took part as their moral obligation to save Mother Nature and earth. The activity was coordinated by Ms. Reema Singh (Incharge Principal BCA), Mr. Jaimin Shah (Coordinator BBA), Mr. Vipul Tailor (Assistant Professor BCA), Ms. Priyanshi Rana (Teaching Assistant BCA) and Mr. Rajendra Patel (Sports Incharge).







મા દેવમોગરા સરકારી વિનયન કોલેજ,ઉચ્છલ,જિલ્લો તાપી વૃક્ષારોપણ ૨૦૨૨-૨૩













# વૃક્ષારોપણ

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજ( વાલિયા, જી-ભરુચ )

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજ( વાલિયા, જી-ભરુચ )ખાતે તા:૦૬/૯/૨૦૨૨, મંગળવારના રોજ સામાજિક વનિકરણ વિભાગ( ભરૂચ )ના વિસ્તરણ રેન્જ, વાલીઆ અને શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજ( વાલિયા, જી-ભરુચ )ના સંયુક્ત ઉપક્રમે "તાલુકાકક્ષાના ૭૩મા વનમહોત્સવ" અંતર્ગત "વૃક્ષારોપણ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે તાલુકા પંચાયત( વાલીઆ )ના પ્રમુખ શ્રી સેવન્તુ કે. વસાવા, અતિથિવિશેષ તરીકે મામલતદાર શ્રી( વાલીઆ ) એમ.ડી. મિસ્ત્રી, નિમંત્રક તરીકે રેન્જ ફોરેસ્ટ ઓફિસર( વાલીઆ ) શ્રી એમ.એમ. ગોહિલ અને તેમની ટીમ, શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટી( વાલીઆ )ના મંત્રી શ્રી કેસરીસિંહ સાયણિયા, શ્રી અશ્વિન વિહારીઆ, શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ( વાલીઆ )ના ઇન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિલાવરખાન પઠાણ તથા પ્રા.ડૉ.દિનેશસિંહ રાજ, પ્રાધ્યાપકવૃંદ, એન.એસ.એસ. સ્વયંસેવિકાઓ અને ૧૩૮ જેટલી વિદ્યાર્થીનીઓ ઉત્સાહભેર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં આયોજકશ્રી, મુખ્ય મહેમાનશ્રી અને અતિથિવિશેષશ્રી દ્વારા વનમહોત્સવ, ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષોનું મહત્વ, વર્તમાન સમયની ગ્લોબલ વોર્મિંગની સમસ્યા અને આબોહવા પરિવર્તનના સમયમાં વૃક્ષારોપણની ભૂમિકા વગેરેના સંદર્ભમાં પ્રાસંગિક વકતવ્ય રજૂ કર્યુ હતું. વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત મુખ્ય મહેમાનો, અતિથિવિશેષ, આયોજકો અને વિદ્યાર્થીનીઓ દ્વારા પીપળો, કરંજ, પારિજાત વગેરેનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.













TREE PLANTATION PROGRAMME
DATE: 26-09-2022
B.B. Avichal Arts & Commerce College, Mandvi, Surat









# વૃક્ષારોપણ



Trees are the support system of the humans as they give the oxygen which helps the human beings to breath. As the trees are cut the implications are seen in the environment, the global warming. To reduce the adverse effects of we can do our part by planting trees in our surroundings and today in ROFEL BBA AND BCA,VAPI had organized tree plantation in the college campus in association with AVBP council members on 30 July 2022 . Many Trees and shrubs were panted in the premises of the college as a part of the event . Students , teachers and the members of the AVBP made their contribution by planting the trees.















# વૃક્ષારોપણ

## એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૦૫/૦૬/૨૦૨૨ અને ૦૬/૦૬/૨૦૨૨ નાં રોજ કોલેજ તથા બીલીમોરા શહેર નાં અલગ- અલગ જગ્યાઓ પર કોલેજનાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ, તથા "આઝાદી કા અમૃત મહોત્સવ" અતર્ગત ૧૫, ઓગષ્ટ નાં રોજ પણ વિવિધ જગ્યાઓ પર વિવિધ - વિવિધ જાતનાં વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ ,જેમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાથીઓએ ભાગ લીધો હતો.







# વૃક્ષારોપણ

## Government Arts and Commerce College Vansada

June 7 World Environment Day Celebration Government Environment and Commerce College Vansada under the National Service Scheme and Community Service Act, "World Environment Day" was celebrated in this college on the occasion of 'Azadi Ka Amrut Mahotsav'. J. Under the guidance of Mr. Mistry, a tree planting program was organized in the college camp and service center village in which volunteers and staff of the college participated. Social forestry range forest officer Vansada Chandrikaben T. Patel, Red Cross Minister Vansada P. Solanki was also present on the occasion. It was initiated by the principal of the college that every student and professor grows a tree in the open space and in the fields of his village. The entire program was organized by the principal Dr. J. Under the guidance of Mr. Mistry, the program officer of the National Service Scheme, Dr. Performed by Anil S. Chaudhary, Dr. Kalpana Ben Patel.










# Agarwal Vidya Vihar English Medium College.

Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat has conducted two tree plantation activities.
First activity was organised within the college campus on 05th August 2022 in which students of college planted 51 trees in and around the campus.
Second activity was organised outside the college campus on 12th September 2022, in the outskirts of Surat city, where group of students and faculty has planted 100 trees for enhancing the environment protection.








## Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad









## Nizar college.

On 28/07/2022 at Nizar, a Tree plantation program was held. In this program, Nizar Taluka Mamlatdar Shri Gulabsinh Vasava was invited as a chief guest speaker. He explained the importance of trees and how to plant them. He gave lessons of rastra prem to students then after guests, professors and principal of the college and students planted around 150 different types of plants in the campus with aim of Indian economy as green economy.whole this program was managed by the program officer of the college, Dr.Sanjay J.Thakur and supported by in charge principal of Nizar college,Dr.Anil L.Gamit.








Tree plantation programme
The Patidar Gin Science College, Bardoli.












વૃક્ષારોપણ અભિયાન

**M. L. Parmar College of Computer Science & IT Olpad**







# વૃક્ષારોપણ

TREE PLANTATION

On 6 August 2022, Tree Plantation activity was organized by NCC cadets in which the cadets were told to plant trees near their houses so as to make our country green under the guidance of CTO Naveen Yadav Sir. 24 SWs and 18 SDs are actively participated in this programme. Total 42 cadets had done this activity.



## બાલહંસ કોલેજ ઓફ સોશ્યલ વર્ક, થવા

બાલહંસ કોલેજ ઓફ સોશ્યલ વર્ક, થવા તા. નેત્રંગ , જિ. ભરૂચ ખાતે વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિ, પ્રકૃતિના મહત્વને વિદ્યાર્થીઓ યોગ્ય રીતે સમજે જેના ભાગરૂપ કોલેજના બગીચા અને મેદાનમાં વિવિધ ફૂલછોડ, સોનમહોર, પીપળો, લીમડો, વડ, ગુલમહોર, અસોપાલવ જેવા મોટા વૃક્ષોના રોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક કર્મચારીઓ આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયા.







**SHRI I K CHAVDA GRAM VIDHYAPITH KAHANWADI.**

SHRI I K CHAVDA GRAM VIDHYAPITH KAHANWADI વૃક્ષારોપણના ફોટા











# વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બિઝનેશ,કોમ્પુટર-સાયન્સ અને રિસર્ચ, ઉમરાખમાં વૃક્ષારોપણ અભિયાન







# મંગલભારતી લોકશિક્ષણ અને કૃષિ મહાવિદ્યાલય ગોલાગામડી

રાજભવન સચિવાલયના આદેશ અનુસાર મંગલભારતી લોકશિક્ષણ અને કૃષિ મહાવિદ્યાલય ગોલાગામડી ( B.R.S. – કોલેજ ) માં વૃક્ષારોપણ અભિયાન યોજાતું હતું જેમાં કોલેજના વિદ્યાર્થીઓ તથા B.R.S. – કોલેજ સ્ટાફ જોડાયા હતા. આ વૃક્ષો અમારી કોલેજ કેમ્પસ અને રોડની આજુબાજુ વાવવામાં આવ્યા હતા. તેમાં વિવિધ વૃક્ષો વાવ્યા જેવા કે સોન્મહોર-૧૭, જાંબુ-૧૨, સાદડ-૦૯, લીમડો-૦૮, ગુલમહોર-૦૫. વૃક્ષો વૈજ્ઞાનિક પદ્ધતિથી વાવી પાણી નાખી વિદ્યાર્થીઓએ પર્યાવરણ બચાવોનો સંદેશ કર્યો હતો. આમ આ વૃક્ષારોપણ અભિયાન હર્ષો ઉલ્લાસથી પૂર્ણ કર્યું હતું.









# મોટાપોંઢા કોલેજ

મોટાપોંઢા કોલેજમાં આજ રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો અને ઈન. આ. ડો. સતીષભાઈ પટેલ અને પ્રોગ્રામ ઓફિસર ડો શીલા પટેલ અને પ્રોગ્રામ ઓફિસર પ્રા. નર્મદા પરમાર દ્વારા ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા સ્વયંસેવકો હાજર રહ્યા હતા






વૃક્ષારોપણ કાર્યક્રમ

શ્રીમતી સી.ડી.જે.રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઇ.એસ.આર.એ.રોફેલ કોમર્સ કોલેજ, વાપીમાં તારીખ 1-9-2022ના રોજ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આચાર્ય મેડમ, અધ્યાપક મિત્રો અને સ્વયં સેવકોએ કૉલેજ કેમ્પસ માં 22 વૃક્ષો નું વાવેતર કર્યું.













28/07/2022 at Nizar, Tree plantation program was held. In this program, Nizar Taluka Mamlatdar Shri Gulabsinh Vasava was invited as a chief guest speaker. He explained the importance of trees and how plant them. He gave lessons of rastra prem to students then after guests, professors and principal of the college and students planted around 150 different types of plants in the campus with aim of Indian economy as green economy.whole this program was managed by the program officer of the collge, Dr.Sanjay J.Thakur and supported by in charge principal of Nizar college,








## Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

# Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

# Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

# Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

# Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

# Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

# Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

# Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

## Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

## Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

## Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad

# Shri Purushottambhai Haribhai Umrao College of Arts and Comm Olpad